**તા.૨૯ /૦૪/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ.**

**સભામાં હાજર રહેલા સભ્યશ્રીઓ..........**

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | પટેલ કિન્નરીબેન અમીષભાઇ | પ્રમુખ |
| ૨. | ભંડારી કિરણભાઇ પરભુભાઈ | ઉપપ્રમુખ |
| ૩. | પટેલ છાયાબેન ઉમેશભાઇ | કારોબારી ચેરમેન |
| ૪. | ટંડેલ  નિમિષાબેન ગીરિશકુમાર | સભ્ય |
| ૫. | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૬. | પટેલ સતિષભાઇ બાલુભાઈ | સભ્ય |
| ૭. | પટેલ કિરણભાઇ ભીખુભાઈ | સભ્ય |
| ૮. | પટેલ ઉર્વશી રાજેશભાઇ | સભ્ય |
| ૯. | પટેલ વિકાસ રાજેશભાઈ | સભ્ય |
| ૧૦. | વાડીવાલા મહેન્દ્રભાઇ ભગુભાઈ | સભ્ય |
| ૧૧. | દેસાઇ ગિરીશભાઇ ભગવાનજીભાઇ | સભ્ય |
| ૧૨. | રાજાણે ચેતનાબેન રાકેશભાઇ | સભ્ય |
| ૧૩. | પટેલ વિજય સહદેવભાઈ | સભ્ય |
| ૧૪. | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૫. | પટેલ હિતેશકુમાર ઈશ્વરલાલ | સભ્ય |
| ૧૬. | પટેલ ભારતીબેન મનોજભાઇ | સભ્ય |
| ૧૭. | સોલંકી સોનલ તેજસભાઇ | સભ્ય |
| ૧૮. | ગજધર વિમલ સુમંતરાય | સભ્ય |
| ૧૯. | શેખ સબીના સાજીદ | સભ્ય |
| ૨૦. | પટેલ રમેશભાઇ મંગળદાસ | સભ્ય |
| ૨૧. | પટેલ જેષ્ટિકા દર્શન | સભ્ય |
| ૨૨. | પટેલ ધર્મેશભાઈ અરવિંદભાઇ | સભ્ય |
| ૨૩. | આહિર ઋષિકાકુમારી પ્રિયંકકુમાર | સભ્ય |
| ૨૪. | પટેલ ભરતભાઇ છોટુભાઇ | સભ્ય |
| ૨૫. | વશી નિતેશભાઈ મહાદેવભાઈ | સભ્ય |
| ૨૬. | પટેલ સોનલબેન કિશોરભાઇ | સભ્ય |
| ૨૭. | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઇ | સભ્ય |
| ૨૮. | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૨૯. | મહાકાલ રવિન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમથી કરવામાં આવી.

પ્રમુખશ્રી દ્વારા સભામાં ઉપસ્થિત સૌને આવકારવામાં આવ્યા.

વલસાડ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી મહેશભાઈ મગનભાઇ પટેલ ટૂંકી માંદગી બાદ દુ:ખદ અવસાન થયેલ છે. તેમજ નામીઅનામી સ્વર્ગસ્થ તમામની આ તબક્કે નોંધ લઈ તેઓશ્રીની આત્માને શાંતિ મળે તે માટે શ્રદ્ધાંજલી આપી. અને સૌએ ૨ મીનીટનું મૌન પાળ્યું.

સભ્યશ્રી ડો.પુષ્પા આર.ઓઝાની તા:૨૫/૦૪/૨૦૨૨થી તા:૧૦/૦૫/૨૦૨૨ સુધી બહાર ગામ જવાની આવેલ રજુઆતની  નોંધ લેવામાં આવી.

કોરમ થઈ ગયેલ હોય, પ્રમુખશ્રીએ કારોબારી ચેરમેનશ્રીને એજન્ડાના કામો શરૂ કરવા જણાવ્યુ.

સભામાં સભ્યશ્રી નિતેશભાઈ વશી દ્વારા વલસાડ નગરપાલિકા હસ્તક અબ્રામા ખાતે આવેલ ડેમમાં નહેર ખાતા દ્વારા ડેમના સ્ટોરેજ માટે આપવામાં આવતું પાણીના રેટ અને નાઇટ્રેક્ષ કંપની દ્વારા ડેમ માંથી ઉપાડવામાં આવતું પાણીના મીટર અને તેના ચુકવણા સબંધે તેમજ નગરપાલિકા માલીકીની જગ્યામાંથી પસાર થતી પાઇપ લાઇનના ભાડા અંગેની રજુઆત કરી.

મુખ્ય અધિકારીશ્રીએ  જણાવ્યુ કે, ડેમમાંથી ઉપાડવામાં આવતું પાણી અને તેના વપરાશના રેટ ડોમેસ્ટીક અને ઇન્ડસ્ટ્રીઝ તફાવત તેમજ પાઇપ લાઇનના ભાડા અંગે અલગથી ફાઇલ ચકાસણી કર્યા બાદ નગરપાલિકાનું હિત સચવાય તે પ્રમાણે  કાર્યવાહી કરવામાં આવશે.

સભ્યશ્રી કિરણભાઇ ભંડારી ગયા.

કામ નં.૧ :

વિષય.: તા:૦૭/૦૩/૨૦૨૨ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી કનફર્મ કરવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

સભ્યશ્રી સોનલબેન પટેલ ,ઉર્વશી પટેલ, વિકાસ પટેલે સદર કામમાં પોતાનો વાંધો નોંધાવ્યો.

ઠરાવ: -

તા: ૦૭/૦૩/૨૦૨૨ ના રોજ મળેલ ખાસ સાધારણ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે. જે વંચાયેલી ગણી કન્ફર્મ કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર.....

કામ નં.૨ :

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, દિવાળીના ધાર્મિક પર્વમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ સુરક્ષા સાથે સાવચેતી બાબતની જાહેરજનતા જોગ ધ્યાનમાં રાખવાની પ્રસિધ્ધી જુદા જુદા દૈનિક પેપરમાં કરાવેલ હોય જેના આવેલ બીલ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ ,મે.કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી ,વલસાડના પત્ર નં.ઇઓસી/દિવાળી/વશી /૫૪૯૭ થી ૫૫૧૬/૨૦૨૧/તા:૦૧/૧૧/૨૦૨૧ ના સંદર્ભથી દિવાળીના ધાર્મિક પર્વ નિમિત્તે સાવચેતી રાખવા અંગે સૂચનાઓ આપેલ હોય. જે અન્વયે શહેરીજનો દ્વારા ફટાકડા ફોડતી વખતે ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ સુરક્ષા સાથે સાવચેતી બાબતની જાહેર જનતા જોગ ધ્યાનમાં રાખવાની બાબતો અંગે , દિવ્ય ભાસ્કર તેમજ ગુજરાત સમાચાર, એમ બે દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરાવેલ. જે અંગેના નીચે જણાવેલ આવેલ બીલો બનાવવા અને તેનું ચુકવણું કરવાનું તેમજ બીજા બે દૈનિક પેપર જેવાં કે સંદેશ આવૃત્તિ તેમજ ગુજરાતમિત્ર આવૃત્તિના બીલોનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | દૈનિક પેપર/ એજન્સીનું નામ | બીલ નં. /તારીખ | બીલની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | દિવ્ય ભાસ્કર , હની એડર્વટાઈઝીંગ-ખેરગામ,નવસારી. | ૪૭૩/૫-૧૧-૨૦૨૧ | ૧૦,૫૦૦/- |
| ૨ | ગુજરાત સમાચાર , આર.કે. એડર્વટાઈઝીંગ-વલસાડ. | ૨૩૫/૧૦-૧૧-૨૦૨૧ | ૧૪,૫૫૩/- |
| ૩ | સંદેશ, ભાગ્યશ્રી એડ.વલસાડ | ૩૨/૦૫-૦૫-૨૦૨૧ | ૧૫,૪૩૫/- |
| ૪ | ગુજરાત મિત્ર, બેસ્ટ પબ્લીસીટી,વલસાડ | ૩૦૧/૧૨-૧૧-૨૦૨૧ | ૭,૫૦૦/- |

સ.મ.મંજુર.....

કામ નં.3 :

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકામાં વિવિધ ખાતાઓમાં નાના મોટા નિભાવ ખર્ચાઓ મંજુર કરવાની સત્તા આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી વર્ષાબેન એ.પાનવાલા

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકામાં વિવિધ ખાતાઓમાં નાના મોટા નિભાવ ખર્ચ થતાં હોય છે. સાધનો વિગેરે નિભાવવા માટે તાત્કાલિક સ્થાનિક બજારમાંથી જરૂરિયાત મુજબના માલ-સામાન ખરીદવો પડતો હોય છે. તેવા સંજોગોમાં હાલની પરિસ્થિતીને ધ્યાને લઈ મુખ્ય અધિકારીશ્રીને એક હજારને બદલે પાંચ હજાર અને કારોબારી સમિતિ સિવાયની વિવિધ સમિતિઓને પાંચ હજારને બદલે દસ હજાર રૂપિયા ખર્ચ મંજુર કરવાની તેમજ કારોબારી સમિતિને પચ્ચીસ હજાર રૂપિયા સુધી કરેલ ખર્ચા મંજુર કરવાની સત્તા આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૪ :

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર-મોગરાવાડી, વલસાડ મંડળના ૫૮માં રસોત્સવ પ્રસંગે પ્રસિધ્ધ થનાર અંકમાં સંસ્થાની જાહેરાત આપવા જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભારતીબેન મનોજભાઇ પટેલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ ,વલસાડ જીલ્લાનું એક માત્ર સાર્વજનિક વિજય મંડળ, સતત ૫૮ વર્ષથી સાંસ્કૃતિક રસોત્સવ સમાજ સેવાના કાર્યો કરતું આવેલ છે. સદર મંડળ દ્વારા આવતા માસમાં ૫૮મો સાંસ્કૃતિક રસોત્સવ યોજાનાર છે. જે પ્રસંગે મંડળ દ્વારા પ્રસિધ્ધ થનાર વિજયઅંકમાં સાર્વજનિક વિજય મંડળ , પારડી સાંઢપોર-મોગરાવાડી,વલસાડની નગરપાલિકા આવક નંબર : ૬૪/તા:૦૫/૦૪/૨૦૨૨ થી સંસ્થાની જાહેરાત આપવા અંગેની અરજી આવેલ છે. જે અંગે ચર્ચા વિચારણાને અંતે સદરહુ સંસ્થાને પ્રસિધ્ધ થનાર અંકમાં રૂ ા.૨૦,૦૦૦/- ની મર્યાદામાં નગરપાલિકાની જાહેરાત આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૫:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકાની વેબસાઇટ વાર્ષિક રીન્યુ કરવાના કામો કરાવેલ હોય જેનું બીલ રૂ.૩૩૯૮૦/- મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી વિમલભાઈ એસ.ગજધર

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાની વેબસાઇટ www.valsadmunicipality.com વાર્ષિક રીન્યુઅલ કરાવવામાં આવેલ હોય. જેનો સમયગાળો પુરો થતાં આગામી એક વર્ષ માટે તા:૦૩/૦૧/૨૦૨૨ થી તા:૦૨/૦૧/૨૦૨૩ માટે રીન્યુ કરાવવામાં આવેલ હોય. Domain Renewal for one Year, Webspace Renewal (500 MB) Static Website Maintenance, Dynamic Photo Gallery Maintenance, Dynamic E-News Maintenance, Extra Webspace (500 MB) જેવા કામો હિન્દુસ સોફ્ટવેર , અમદાવાદ પાસે કરાવવામાં આવેલ હોય. જે અંગેનું બીલ નં.BS-10/તા:૨૭/૧૨/૨૦૨૧ ના રૂ.૩૩,૯૮૦/- પુરાનું અત્રે આવેલ છે. જેનું આવેલ બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૬:

વિષય.: વલસાડ નગરપાલિકા સને ૨૦૨૧-૨૦૨૨ નો તા:૦૧/૦૪/૨૦૨૧ થી તા:૩૧/૦૩/૨૦૨૨ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણે લઈ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી જેષ્ટિકા દર્શન પટેલ

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઇએ વાર્ષિક હિસાબ અંગે આવક ,ખર્ચ, સુધારેલી જોગવાઈ, અંદાજો, જુદી-જુદી સદરની ગ્રાન્ટ બાબતની ચર્ચામાં ભાગ લીધો.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ , મહેબુબ ગુલશેરખાન પઠાણે ૧૪માં નાણાંપંચની ગ્રાન્ટના અન્ય વપરાશ તેમજ કોર્ટ કેસના કર્મચારી અંગે રજુઆત કરી.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , અગાઉના સમયમાં આવશ્યક સંજોગોમાં પગાર પેટે કરેલ ખર્ચની સ્વભંડોળની આવક આવ્યેથી ભરપાઈ કરવાના થાય છે. સરકારશ્રીની નિયત કરેલ જોગવાઈઓ જોતાં સસ્પેન્ડ થયેલ કર્મચારીઓને GCSR (ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો) ની જોગવાઈ મુજબ નિર્વાહ ભથ્થું મળવા પાત્ર થાય છે.

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડનો સને ૨૦૨૧-૨૦૨૨ નો તા:૦૧/૦૪/૨૦૨૧ થી તા:૩૧/૦૩/૨૦૨૨ સુધીનો બાર-માસિક હિસાબ વંચાણે લઈ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૭:

વિષય.: ઇજનેરશ્રી જાહેર બાંધકામ શાખા, ચેરમેનશ્રી લાઇટ કમિટીના રિપોર્ટ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સ્ટ્રીટ લાઇટ ચોમાસાની સિઝનમાં ભારે વરસાદના કારણે LED લાઇટ બ્લાસ્ટ થઈ ગયેલ છે. GEM પોર્ટલ પરથી ખરીદ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ધર્મેશભાઈ અરવિંદભાઈ પટેલ

ઠરાવ: -

ઇજનેરશ્રી જાહેર બાંધકામ શાખા , ચેરમેનશ્રી લાઇટ કમિટીના રિપોર્ટ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સ્ટ્રીટ લાઇટો ચોમાસાની સિઝનમાં ભારે વરસાદના કારણે LED લાઇટ બ્લાસ્ટ થઈ ગયેલ છે. સદર લાઇટો ચાલુ રહે તે માટે ૩૦૦ નંગ LED લાઇટ, ૫૦-નંગ ક્લેમ પાઇપ તથા ૧૦ બંડલ સર્વિસ વાયર ખરીદ કરી જે અંગેના આવેલ બીલ માટે નિયમોનુસારની કાર્યવાહી કરવા તથા થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૮:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,બાંધકામ શાખાના વ્હીકલ નં.GJ-15-G-484 ટ્રેકટર રીપેરીંગ કામ, સુદર્શન ફેબ્રીકેશન પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૦,૮૦૦/- મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકાના બાંધકામ શાખા હસ્તક ચાલતું વ્હીકલ નં-GJ-15-G-484 ટ્રેકટર જરૂરિયાત મુજબની કામગીરી જેવી કે , ખરાબ ગયેલ પ્લેટ કટીંગ કરી ગ્રાઇન્ડીંગ મશીનથી નવી ફીનીસીંગ લોખંડની થાંભલી એંગલ વિગેરે કામકાજ કરાવવામાં આવેલ. સદરહુ કામ વલસાડના સુદર્શન ફેબ્રીકેશન પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂ ા.૧૦,૮૦૦/- પુરા બાંધકામ શાખાના ડ્રાઈવર મીનેષ આર.પટેલે રોકડેથી ચુકવણું કરેલ હોય. જે અંગેનું આવેલ બીલનો ખર્ચ મંજુર કરી ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૯:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,My Byk Public Bicycle Sharing (PBS) સર્વિસ શરૂ કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઋષિકાકુમારી પી.આહિર

સભ્યશ્રી સબીના સાજીદ શેખ ગયા.

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ શહેરી વિસ્તારમાં Public Bicycle Sharing (PBS) સર્વિસ શરૂ કરવા અરજીમાં જણાવેલ છે. જે મુજબ વલસાડ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં ઈજનેરશ્રીના જણાવેલ લીસ્ટ મુજબ પબ્લીક બાયસિકલ શેરીંગ (PBS)માટેના સ્ટેન્ડ વિગેરે ટ્રાફિકને અડચણરૂપ નહી થાય તે રીતે શરૂ કરવાના થાય છે. જે અંગેની નિયમોનુસાર કાર્યવાહી કરી નીચે જણાવેલ શરતોને આધિન કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**શરતો :-**

૧) વલસાડ નગરપાલિકા વિસ્તારમાં પબ્લીક બાયસીકલ સર્વિસ ટ્રાફિકને અડચણરૂપ નહીં થાય તે માટે પોલીસ ડિપાર્ટમેન્ટ (ટ્રાફિક) ની અલગથી NOC મેળવવાની રહેશે.

૨) સદરહુ PBS સિસ્ટમ માટેનું કોઈપણ પ્રકારનું પેમેન્ટ નગરપાલિકા દ્વારા કરવામાં આવશે નહીં.

૩) વલસાડ નગરપાલિકા સાથે આ અંગે ૫૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ કરવાનો રહેશે.

૪) વલસાડ નગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં PBS સિસ્ટમમાં મુકવામાં આવેલ સાયકલની તમામ જવાબદારી આપશ્રીની કંપનીની રહેશે.

૫) વલસાડ નગરપાલિકા ફક્ત વલસાડ શહેરમાં પબ્લીક બાયસીકલ સર્વિસ માટે પરવાનગી આપવામાં આવે છે. આ અંગે કાયદાકીય/ સરકારશ્રીની નીતિનિયમો વિગેરેનું સંપૂર્ણ પાલન કરવાની જવાબદારી આપશ્રીની એટલે કે કંપનીની રહેશે.

૬) સદરહુ કામગીરી ફક્ત ૧૧- અગિયાર માસના કરાર આધારિત આપવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૧૦:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, ગુ.મ્યુનિ. ફાઈ. બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.મફબ /વ્ય.વેરા(૫૦%) ન.પા./૨૦૨૧-૨૨/૨૦૨૨/૪૯૧૫ તા:૨૯/૦૩/૨૦૨૨ થી વલસાડ નગરપાલિકા-વલસાડને વ્યવસાય વેરા ગ્રાન્ટની ફાળવેલ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પટેલ સતિષ બાલુભાઈ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકા-વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર:મફબ/વ્ય.વેરા(૫૦%) ન.પા./૨૦૨૧-૨૨/૨૦૨૨/૪૯૧૫ તા:૨૯/૦૩/૨૦૨૨ થી ફાળવવામાં આવેલ નીચે જણાવેલ વ્યવસાય વેરા ગ્રાન્ટની ફાળવેલ ગ્રાન્ટમાંથી શરતો મુજબના અગ્રતાક્રમના ધોરણે કામો નક્કી કરવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી ,ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

-સંદર્ભ મુજબ (૫૦%) ફાળવેલ ગ્રાન્ટ... રૂા.૧,૦૨,૦૭,૪૭૩/-

કુલ ફાળવેલ ગ્રાન્ટ... રૂા.૧,૦૨,૦૭,૪૭૩/-

સ.મ.મંજુર.....

કામ નં.૧૧:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, ગુ.મ્યુનિ.ફાઈ.બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.મફબ /યુ-૨/૧૫મું નાણાંપંચ/ પ્રથમ હપ્તો ( ટાઈડ ગ્રાન્ટ ) / ૨૦૨૧-૨૨ / ૨૩૩૩ તા:૨૩/૦૨/૨૦૨૨ થી વલસાડ નગરપાલિકા - વલસાડને ૧૫માં નાણાપંચ ગ્રાન્ટની ફાળવેલ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી કિરણભાઇ ભીખુભાઈ પટેલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર: (૧) મફબ/યુ-૨/૧૫મું નાણાંપંચ/પ્રથમ હપ્તો(ટાઈડ ગ્રાન્ટ)/૨૦૨૧-૨૨/૨૩૩૩ તા:૨૩/૦૨/૨૦૨૨ (૨) સીએફસી/૧૦૨૦૧૮/૩૬૦/બ , પાર્ટ-૦૩/તા:૦૯/૦૨/૨૦૨૨ થી નીચે જણાવેલ ૧૫માં નાણાંપંચ ગ્રાન્ટ હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે ૧૫માં નાણાંપંચ ગ્રાન્ટની શરતો મુજબ કામો નક્કી કરવા શરતોમાં જણાવેલ છે. વધુમાં, ૧૫માં નાણાંપંચના કામો માટે તાંત્રિક મંજુરી સબંધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભ હેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઇન/ શરતો મુજબના કામો નક્કી કરવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી , ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

-સંદર્ભ મુજબ ફાળવેલ ગ્રાન્ટ... રૂા.૧,૩૯,૭૯,૪૯૮/-

સ.મ.મંજુર.....

કામ નં.૧૨:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, ગુ.મ્યુનિ.ફાઈ.બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.મફબ /યુ-૨/૧૫મું નાણાંપંચ/બીજો હપ્તો ( ટાઈડ ગ્રાન્ટ )/ ૨૦૨૧-૨૨/ ૫૭૭૬ તા:૩૦/૦૩/૨૦૨૨ થી વલસાડ નગરપાલિકા-વલસાડને ૧૫માં નાણાપંચ ગ્રાન્ટની ફાળવેલ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી વર્ષાબેન એ.પાનવાલા

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર: (૧) મફબ/યુ-૨/૧૫મું નાણાંપંચ/બીજો હપ્તો(ટાઈડ ગ્રાન્ટ)/૨૦૨૧-૨૨/૫૭૭૬ તા:૩૦/૦૩/૨૦૨૨ (૨) સીએફસી/૧૦૨૦૧૮/૩૬૦/બ , પાર્ટ-૦૩/તા:૦૯/૦૨/૨૦૨૨ થી નીચે જણાવેલ ૧૫માં નાણાંપંચ ગ્રાન્ટ હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે ૧૫માં નાણાંપંચ ગ્રાન્ટની શરતો મુજબ કામો નક્કી કરવા શરતોમાં જણાવેલ છે. વધુમાં, ૧૫માં નાણાંપંચના કામો માટે તાંત્રિક મંજુરી સબંધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભ હેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઇન/ શરતો મુજબના કામો નક્કી કરવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી , ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

-સંદર્ભ મુજબ ફાળવેલ ગ્રાન્ટ... રૂા.૧,૨૧,૭૫,૨૪૩/-

સ.મ.મંજુર.....

કામ નં.૧૩:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, ગુ.મ્યુનિ.ફાઈ.બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.મફબ /યુ-૨/૧૫મું નાણાંપંચ/બીજો હપ્તો (અનટાઈડ ગ્રાન્ટ) / ૨૦૨૧-૨૨/૪૭૪૭ તા:૨૯/૦૩/૨૦૨૨ થી વલસાડ નગરપાલિકા-વલસાડને ૧૫માં નાણાપંચ ગ્રાન્ટની ફાળવેલ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી સોનલ તેજસભાઈ સોલંકી

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ , ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર: (૧) મફબ/યુ-૨/૧૫મું નાણાંપંચ/બીજો હપ્તો(અનટાઈડ ગ્રાન્ટ)/૨૦૨૧-૨૨/૪૭૪૭ તા:૨૯/૦૩/૨૦૨૨ (૨) સીએફસી/૧૦૨૦૧૮/૩૬૦/બ , પાર્ટ-૦૩/તા:૦૯/૦૨/૨૦૨૨ થી નીચે જણાવેલ ૧૫માં નાણાંપંચ ગ્રાન્ટ હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે ૧૫માં નાણાંપંચ ગ્રાન્ટની શરતો મુજબ કામો નક્કી કરવા શરતોમાં જણાવેલ છે. વધુમાં , ૧૫માં નાણાંપંચના કામો માટે તાંત્રિક મંજુરી સબંધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભ-૨ હેઠળના ગુ.મ્યુનિ.ફાઈ.બોર્ડ , ગાંધીનગરના પત્રથી જણાવવામાં આવેલ છે. ઉપરોક્ત સંદર્ભ હેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઇન/ શરતો મુજબના કામો નક્કી કરવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી , ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

-સંદર્ભ મુજબ ફાળવેલ ગ્રાન્ટ... રૂા.૯૬,૮૧,૭૯૦/-

સ.મ.મંજુર....

કામ નં.૧૪:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,વ.ન.હદ વિસ્તારમાં જુદા-જુદા સ્થળોએ ના.સરકારશ્રીની ૧૫મું નાણાપંચ, SJMMSVY, વ્યવસાય વેરા, મનોરંજક કર ગ્રાન્ટ, વિકાસલક્ષી કામો કરવાના કામે ઓનલાઈન ટેન્ડરની કામગીરી એનકોડ સોલ્યુશન, અમદાવાદ પાસેથી કામગીરી કરાવેલ છે. જેનું આવેલ બીલ રકમ રૂા.૪૮,૬૭૫/- પુરાનું મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી રવિન્દ્ર આર.મહાકાલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા-જુદા સ્થળોએ ના.સરકારશ્રીની ૧૫મું નાણાપંચ , SJMMSVY,વ્યવસાય વેરા , મનોરંજક કર ગ્રાન્ટ , વિકાસલક્ષી કામો કરવાના કામે ઓનલાઈન ટેન્ડરની કામગીરી એનકોડ સોલ્યુશન, અમદાવાદ પાસેથી કામગીરી કરાવેલ છે. સદરહુ કરાવેલ કામગીરીનું ઇનવોઇસ નં.518275765 તા:26/03/2022 જેનું આવેલ બીલનો ખર્ચ રકમ રૂ ।.૪૮,૬૭૫/- પુરા મંજુર કરી તેનું ચુકવણું કરવા અંગેની નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૧૫:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા પ્રકારના કામો કરવા અંગે જરૂરી ઓનલાઈન ટેન્ડર કરવા અંગે વિગેરે જુદા-જુદા કામના આવેલ બીલો મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ધર્મેશ અરુણભાઇ પટેલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા પ્રકારના કામો કરવા અંગે જરૂરી ઓનલાઈન ટેન્ડર કરવાની કામગીરી, એસી રીપેરીંગ કામગીરી, વિગેરે જુદી-જુદી કામગીરીના આવેલ નીચે જણાવેલ એજન્સીઓના જુદા-જુદા આવેલ બીલોનો ખર્ચ મંજુર કરી તેનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં | નામ | બીલ નંબર/તારીખ | બીલની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | વેસ્ટર્ન ટાઈમ્સ, અમદાવાદ. | ૪૪૩૯/ ૨૫-૦૩-૨૦૨૨ | ૩૭૯૧/- |
| ૨ | સાગર ડી.થોરાત, વલસાડ. | ૧૯/૨૫-૦૩-૨૦૨૨ | ૨૮૦૦/- |
| ૩ | ગજાનંદ ઝેરોક્ષ, વલસાડ. | ૧૦૦૪૫૬/૦૬-૦૮-૨૦૨૧ | ૭૨૦૦/- |
| ૪ | ઉમેશ બેટરી સેન્ટર, ગુંદલાવ. | ૧૦/૨૫-૦૩-૨૦૨૨ | ૭૦૦૦/- |

સ.મ.મંજુર.....

કામ નં.૧૬:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની જિલ્લા આયોજન મંડળ (૨૦૨૧-૨૨) વિવેકાધીન યોજના હેઠળ વ.ન.પા.હદ વિસ્તારમાં કચરાના કલેક્શન માટે ટ્રેકટર નંગ - ૦૨ની ઓનલાઈન જેમ પોર્ટલ પરથી ખરીદી કરવામાં આવેલ. સદરહુ ટ્રેકટરોમાં ડોબર તેમજ હાઈડ્રોલિક પાઇપ ફીટીંગ પાઇપ નંગ-૦૨ ખરીદ કરવા અંગેનો કોટેશન રૂા.૧૪,૩૬૦/- નું મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પટેલ રમેશભાઈ મંગળદાસ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ , ના.સરકારશ્રીની જિલ્લા આયોજન મંડળ (૨૦૨૧-૨૨) વિવેકાધીન યોજના હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં કચરાના કલેક્શન માટે ટ્રેકટર નંગ-૦૨ની સરકારશ્રીના ઓનલાઈન જેમ પોર્ટલ ઉપર એજન્સી રોયલ ઓટો ,ને.હા.નં.-૪૮, ધોરણ-પારડી,સુરત પાસેથી ખરીદી કરવામાં આવેલ. સદરહુ ટ્રેકટરોમાં ડોબર તેમજ હાઈડ્રોલિક પાઇપ ફીટીંગ કરવાની જરૂરિયાત હોય, સદરહુ કામે ઉપરોક્ત એજન્સી પાસેથી ડોબર નંગ-૦૨ ,અને હાઈડ્રોલિક પાઇપ નંગ-૦૨ ખરીદ કરવા આવેલ કોટેશન રૂ ।.૧૪,૩૬૦/- અન્વયે નિયમોનુસારની કાર્યવાહી કરી તે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૧૭:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, ફાયર શાખા હસ્તક વાહનમાં બેટરી નવી નંખાવવા તેમજ ટ્રાફિકને અડચણોમાં આકસ્મિક વૃક્ષો,ઝાડી,ઝાંખરાઓ કાપવા માટેની રાખવામાં આવેલ કટર રીપેરીંગ કામગીરી કરાવેલ. જે અંગેના આવેલ બીલો મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ધર્મેશ અરવિંદભાઇ પટેલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ ,ફાયર શાખાને ડિઝાસ્ટર મેનેજમેન્ટમાંથી આપેલ ફોર્સ કંપની દ્વારા મળેલ વાહન રજી.નં. GJ-15-G-0727 માં બેટરી બગડી જવાથી નવી બેટરી નંગ-૦૧ ખરીદી કરવા અંગેના શ્રી ઉમેશ બેટરી સેન્ટર , ઘડોઈ ફાટક , ગુંદલાવ,વલસાડના બેટરી નંગ-૧ ના સૌથી ઓછો ભાવ રૂ ।.૯૬૦૦/-પુરા મંજુર કરવાનું તથા ફાયર શાખામાં ઈમરજન્સી ટ્રાફિકને અડચણોમાં કોઈક આકસ્મિક વૃક્ષો, ઝાડી ઝાંખરાઓ પડે તેના માટે " કટર " છે. જેમાં ચેઇન ખરાબ થઈ જવાથી બંધ હાલતમાં હતી જે કટરને રીપેરીંગ કામગીરી કરાવેલ. જેનું ક્રિશ્ના ઓટો એન્ડ ટ્રેક્ટર્સ, વલસાડનું આવેલ બીલ રૂ।.૪૦૦૫/- પુરાનો ખર્ચ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૧૮:

વિષય.: નગરપાલિકા માલિકીના વાહનોના ફીટનેશ અને ઇન્સ્યુરન્સ અંગેની કામગીરી તેમજ તે અંગેના બીલ મંજુર કરવા સત્તા આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ: -

નગરપાલિકા માલિકીના વાહનોના ફીટનેશ અને ઇન્સ્યુરન્સ અંગેની કામગીરી અવાર-નવાર કરવાની થાય છે. સદર વાહનોના ફીટનેશ અને ઇન્સ્યુરન્સ અંગેની કામગીરી કરાવવા અંગે એજન્સી નક્કી કરવા તેમજ તેનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પમુખશ્રીને તથા તેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૧૯:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્ષ વિગેરે ડિપાર્ટમેન્ટમાં ખુરશીની જરૂરિયાત હોય, ખુરશી ખરીદી અંગેના આવેલ ભાવો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ભારતીબેન એમ.પટેલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્ષ વિગેરે ડિપાર્ટમેન્ટમાં ડિસ્કાઉન્ટ સ્કીમ ચાલુ હોઈ તથા નવા ઓપરેટરોની ભરતી કરેલ હોઈ તેને બેસવા માટે ખુરશીની જરૂરિયાત પડેલ છે. જે ખુરશીઓની હાઉસ ટેક્ષ ડિપાર્ટમેન્ટ , વ્યવસાય વેરા ડિપાર્ટમેન્ટ તથા શોપ્સ ડિપાર્ટમેન્ટમાં જરૂર છે. જે અંગે સ્થાનિક બજારમાંથી ૩ (ત્રણ) એજન્સીઓ પાસે ભાવો મંગાવવામાં આવેલ છે. જે આવેલ ભાવોનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં | એજન્સીનું નામ | નંગ | એક ખુરશીનો ભાવ | કુલ રૂ|. |
|---|---|---|---|---|
| ૧ | શિવ ફર્નિચર | ૧૦ | ૪૬૫૦/- | ૪૬,૫૦૦/- |
| ૨ | પુજા હોમ ડેકોર | ૧૦ | ૩૮૧૦.૫૬/- + GST | ૪૪,૯૬૫/- |
| ૩ | સોમનાથ ક્રીએશન | ૧૦ | ૩૬૪૪/- + GST | ૪૩,૦૦૦/- |

ઉપરોક્ત આવેલ ત્રણ એજન્સીના ભાવોનું તુલનાત્મક પત્રક બનાવતા એકંદરે સોમનાથ ક્રિએશનનો ભાવ સૌથી ઓછો આવેલ હોય, જે અન્ય આવેલ ભાવો કરતાં ઓછો હોય , સોમનાથ ક્રિએશન પાસે જરૂરિયાત મુજબ-૧૦ નંગ ખુરશી ખરીદવા કરવા તેમજ તેના બીલનો થનાર ખર્ચ મંજુર કરવાનું તથા તેનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં અબ્રામા-મોગરાવાડી ઝોન ઓફિસો, સિવીક સેન્ટર તેમજ અન્ય ઓફિસોમાં અધિકારી/કર્મચારી સ્ટાફ તથા જાહેર જનતાના ઉપયોગ માટે આનુષાંગીક સિવિધાઓ માટે રૂા.૧.૦૦ લાખની મર્યાદામાં કામગીરી કરવા અને તેના બીલ મંજુર કરવાની સત્તા મે.પમુખશ્રીને તથા તેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૨૦:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ તથા સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.૨ તા:૩૧/૦૩/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના સમાજ કલ્યાણ સમિતિમાં NULM વિભાગમાં સાધનોની ખરીદી કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી રવિન્દ્ર આર.મહાકાલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ તથા સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.૨ તા:૩૧/૦૩/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના સમાજ કલ્યાણ સમિતિમાં NULM વિભાગમાં તમામ કામગીરી ONLINE કરવાની હોય જે માટે ઇન્ટરનેટ કનેક્શન તેમજ ઇન્ટરનેટ સિક્યોરીટી તેમજ પ્રિન્ટરની જરૂરિયાત હોય. સાધનોની ખરીદી બાબતે નિયમોનુસારની કાર્યવાહી કરી ઓનલાઈન કાર્યવાહી કરવા માટે જરૂરિયાતની સાધન –સામગ્રી ખરીદવા અને તેનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પમુખશ્રીને તથા તેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

કામ નં.૨૧:

વિષય.: કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ,એનયુએલએમ યોજના અંતર્ગત ઘર વિહોણા લોકોને સહાય ઘટક હેઠળ બનાવવામાં આવેલ નાઈટ શેલ્ટરમાં ગાદલા, તકિયા,ચાદર, તકિયા કવર વિગેરેનું મહેબુબ કોટન વર્કસ, તરિયાવાડ,વલસાડનું આવેલ બીલ રૂા.૩૫૦૦૦/- મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી રવિન્દ્ર આર.મહાકાલ

ઠરાવ: -

કા.સ.તા:-૧૯/૦૪/૨૦૨૨ ની ભલામણ મુજબ, એનયુએલએમ યોજના અંતર્ગત ઘર વિહોણા લોકોને સહાય ઘટક હેઠળ બનાવવામાં આવેલ નાઈટ શેલ્ટરમાં લાભાર્થીઓને રાતવાસા માટે વ્યવસ્થા કરવા માટે ગાદલા , તકિયા,ચાદર, તકિયા કવર અને ગાદલા કવરની વ્યવસ્થા કરવામાં આવેલ.જેનું મહેબુબ કોટન વર્કસ , તરિયાવાડ,વલસાડનું આવેલ બીલ રૂા.૩૫૦૦૦/- અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં નાઈટ શેલ્ટરમાં કેપેસીટી મુજબ બાકી રહેતા અન્ય વ્યવસ્થાના ભાગ રૂપે માટે ગાદલા, તકિયા,ચાદર, તકિયા કવર અને ગાદલા કવરનો વિગેરેનો બાકી રહેતો સેટ નંગ-૭૫ ખરીદ કરવા અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવા અથવા CSR માંથી મેળવવા જરૂરી કાર્યવાહી કરવાનું અથવા થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પમુખશ્રીને તથા તેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

# અધ્યક્ષ સ્થાનેથી રજુ થતાં બીજા અન્ય વધારાના કામો.....

**જ.બો.નં.૨૨/ તા:૨૯/૦૪/૨૦૨૨**

વ.કા. નં.૧:

વિષય.: સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (૨૦૨૨-૨૩) ગ્રાન્ટ માંથી કામો નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા – વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર:મફબ/SJMMSVY (UDP-88)/ત્રી.ત./૨૦૨૨-૨૩/ન.પા./આ.મા.વિ/પ્ર.હ/૨૦૨૨/૭૪૭૪/તા:૨૬/૦૪/૨૦૨૨ થી ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાની માર્ગદર્શિકા હેઠળના અગ્રતાક્રમ મુજબના કામો નક્કી કરવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી , ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

ફાળવેલ ગ્રાન્ટની રકમ... રૂા.૫.૦૦ કરોડ

મંજુર.....

વ.કા. નં.૨:

વિષય.: ૧૪માં નાણાંપંચ અંતર્ગત આવેલ ગ્રાન્ટ અને બચત ગ્રાન્ટ અંગેના કામો કરવા અને તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા આપવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

૧૪માં નાણાંપંચ અંતર્ગત આવેલ ગ્રાન્ટ અને બચત ગ્રાન્ટના કામો સદર ગ્રાન્ટની ગાઈડલાઇન મુજબ નક્કી કરવાની સત્તા મે.પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી, અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૩:

વિષય.: મીશન કોલોની પંપીંગ સ્ટેશનની ૩૦ એચ.પી. મોટર રીવાઈન્ડીંગ કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા દ્વારા આપવામાં આવતી ડ્રેનેજની સુવિધાના ભાગરૂપે મીશન કોલોની પંપીંગ સ્ટેશનને કાર્યરત રાખવા માટે હાલે ૩૦ એચ.પી. ની મોટર કાર્યરત છે. પરંતુ મીશન કોલોની વિસ્તાર નીચાણ વાળો હોય આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ ત્યાનાં રહીશોના ઘરોમાં પાણી ભરાવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય. તેવા સંજોગોમાં વધારાની મોટરો સ્ટેન્ડ બાય રાખવી જરૂરી હોય , મોટર બળી જવાના સંજોગોમાં સદરહુ પંપીંગ સ્ટેશનને કાર્યરત રાખવા સ્ટેન્ડ બાય મોટરોથી પંપીંગ સ્ટેશનને કાર્યરત રાખી શકાય એમ છે. જેને ધ્યાને લઈ વલસાડ નગરપાલિકાના વારિગૃહ શાખા વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ઇલેક્ટ્રીક મોટર રીવાઈન્ડીંગના ભાવો ઇ-ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી ટેન્ડરો મંગાવ્યા બાદ સદરહુ ટેન્ડરો કા.સ.ઠ.નં.૩૧૧/તા:૧૫/૦૩/૨૦૨૨ થી મંજુર કરવામાં આવેલ છે. સદરહુ ટેન્ડરની અનુ.નં.૨૫ ઉપર જણાવેલ ૩૦ એચ.પી. સબમર્શીબલ મોટર પંપ રિવાઇન્ડીંગ કરવાનું કામ પ્રતિ નંગ-૧ નો ભાવ રૂા.૮૨ ,૮૦૦/- પુરા મંજુર થયેલ છે. જે ભાવોથી ડ્રેનેજ શાખા માટે નંગ-૨ મોટરો રીવાઈન્ડીંગનો ખર્ચ રૂા.૧,૬૫,૬૦૦/- ના પુરાનું કામ મંજુર કરવા અને તેનું થનાર ખર્ચનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૪:

વિષય.: ફાયર શાખા હસ્તક રજીસ્ટ્રેશન થયેલ ફાયર ફાયટર GJ-15-G-0465 ના ટાયરો ખરીદવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાના ફાયર શાખા હસ્તકના રજીસ્ટ્રેશન થયેલ ફાયર ફાયટર GJ-15-G-0465 માં આગળ પાછળના ટાયરો ખુબ જ ખરાબ થઈ ગયેલ હોય , અને ફાયર શાખા ઈમરજન્સી શાખા હોય , અને શહેરી વિસ્તારમાં કે કોઈ અન્ય જગ્યાએ આગ કે કોઈ જર્જરિત મકાનો પડવાની સંભાવના હોય , રસ્તાને અડચણ રૂપ વૃક્ષો પડે ત્યારે ઈમરજન્સી કામગીરી કરવી પડતી હોય, જે હકીકતોને ધ્યાનમાં લઈ સદરહુ ઉપરોક્ત જણાવેલ ફાયર ફાયટર GJ-15-G-0465 ના ટાયરો સ્થાનિક બજારમાંથી ઓથોરાઇઝ્ડ એજન્સી પાસેથી ખરીદ કરવા અંગેના આવેલ અંદાજીત ખર્ચ રૂા.૬૬,૦૦૦/- તેમજ બજાર ભાવમાં થતી વધઘટને ધ્યાને લઈ ૧૦% ની મર્યાદામાં થતો ખર્ચનું બીલ સ્વભંડોળમાંથી કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૫:

વિષય.: ફાયર હાઈડન્ટ અપગ્રેડ કરવા અંગે તથા તે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

આગના બનાવો બને તેવા સંજોગોમાં ઝડપથી ટેન્કરમાં પાણી ભરી શકાય તે માટે વલસાડ શહેરમાં ફાયર હાઈડન્ટ અપગ્રેડ કરવા માટે હાલે બે જગ્યાએ મુકવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે અંગેનો અંદાજીત ખર્ચ મેળવી અને તેનો થનાર ખર્ચ નું બીલ સ્વભંડોળમાંથી કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૬:

વિષય.: વલસાડ ફાયર સ્ટેશનને અધ્યતન રીતે જાળવવા અને કાર્યરત રાખવા જરૂરી ચીજ વસ્તુઓની જરૂરિયાત મુજબ ખરીદ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

ઇ.ચા.ફાયર શાખા તેમજ વાયરલેસ ઓફિસરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકાના ફાયર સ્ટેશનને અધ્યતન રીતે જાળવવા અને કાર્યરત રાખવા માટે સામેલ યાદી મુજબની વિવિધ જરૂરી ચીજ વસ્તુઓની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. સદર ચીજ વસ્તુઓ રૂ|.૫.૦૦ લાખની મર્યાદામાં રહી ખરીદી કરવા નિયમોનુસારની કાર્યવાહી કરવા અને તે અંગેનો થનાર ખર્ચ સ્વભંડોળમાંથી કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૭:

વિષય.: કા.સ.ઠ.૨૯૩/તા:૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ,ફાયર શાખામાં ઉપયોગમાં લેવા માટે હોસ પાઇપ ખરીદી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

કા.સ.ઠ.૨૯૩/તા:૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ , ફાયર શાખાના ઇન્ચાર્જશ્રી , તથા ઇજનેરશ્રી,વલસાડ નગરપાલિકાના રીપોર્ટમાં જણાવ્યા મુજબ ફાયર શાખામાં આગને લગતી ચાર (૪) ગાડીઓ ચાલે છે. અને સાથે પાણીનું ટેન્કર પણ ચાલે છે. સદરહુ ગાડીમાં વપરાતાં રબર હોસ પાઇપ વર્ષ-૨૦૦૮ માં લેવામાં આવ્યા હતાં. જે ઘણાંજ જુના થઈ ગયેલ હોય , અને ફાટી ગયેલા હોય અને કોઈ મોટી દુર્ઘટના બને તેને પહોંચી વળવા ઘણી જ મુશ્કેલી પડે એમ છે. જેથી આગના બનાવના સમયમાં તાત્કાલિક ઇમરજન્સીમાં પહોંચી વળવા નીચે જણાવ્યા મુજબના હોસ પાઇપ ખરીદવા અંગે મંજુર થયેલા ભાવોથી કરવા નિયમોનુસાર કાર્યવાહી કરવા અને તે અંગેનો થનાર અંદાજીત ખર્ચ રૂ ।.૨,૦૬,૦૦૦/- તેમજ બજાર ભાવમાં થતી વધઘટને ધ્યાને લઈ ૧૦% ની મર્યાદામાં થતો ખર્ચનું બીલ સ્વભંડોળમાંથી કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

૧) ફાયર ગાડી – ૧૫ મીટર વાળા - ૧૫ નંગ હોસ પાઇપ સેટ

૩૦ મીટર વાળા – ૧૫ નંગ હોસ પાઇપ સેટ

૨) પાણીનું ટેન્કર – ૧૫ મીટર વાળા - ૪ નંગ હોસ પાઇપ સેટ

મંજુર.....

વ.કા. નં.૮:

વિષય.: વલસાડ નગરપાલિકા વિસ્તારમાં જિલ્લા કક્ષાનું મોડલ ફાયર સ્ટેશન બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

ઇજનેરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ ,મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી ,સુરત દ્વારા મળેલ સુચના મુજબ જિલ્લાનું વડુ મથક ખાતે જિલ્લાનું ૫૦૦૦.૦૦ ચો.મી.ની જગ્યામાં મોડેલ ફાયર સ્ટેશન બનાવવાની જરૂરિયાત હોય,સદરહુ ફાયર સ્ટેશન બનાવવા માટે વલસાડ નગરપાલિકાની માલિકીની જગ્યા ઉપલબ્ધ નહી હોય, તો સદરહુ કામે જરૂરી સ્થળ તપાસ કરતાં વલસાડ નગરપાલિકા ખાતે અબ્રામા વિસ્તારમાં આવેલ જુનો સર્વે નં-૧૪૨/અ/૧/પૈકી-૨ , નવો બ્લોક સર્વે નં-૨૮૭૦ વાળી ૪૦૪૪.૦૦ ચો.મી જમીન કે જે હાલે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી ,જાહેર આરોગ્ય યાંત્રિક પેટા વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા વલસાડના કબજા હેઠળ ચાલી આવેલ છે. સદરહુ જમીન ઉપર વલસાડ જિલ્લાનું વડુ મથકનું મોડેલ ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન કરી શકાય એમ છે. જેથી સદરહુ જગ્યાની ફાળવણી નગરપાલિકાને કરવા અંગે મે.કલેક્ટર સાહેબશ્રી , વલસાડને જરૂરી દરખાસ્ત કરવામાં આવેલ છે. તેમજ કન્સલટન્ટશ્રી ક્રિષ્ણા કન્સલટન્ટ , આણંદને જરૂરી વર્કઓર્ડર આપી DPR બનાવવામાં આવેલ છે. જે DPR મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, પ્રાદેશિક કમિશ્નરની કચેરી ,(સાઉથ ઝોન), સુરતને સાદર કરવામાં આવેલ હતી. ઉક્ત બાબતે મે.કમિશ્નરશ્રી,મ્યુનિ.એડ.કચેરી,ગાંધીનગરના પત્રમાં જણાવ્યા મુજબ રજુ કરેલ દરખાસ્તમાં પુર્તતા કરવા જણાવેલ. તે મુજબ ઉપરોક્ત કામે જગ્યા નક્કી કરવા સબંધે જરૂરી પત્ર વ્યવહાર અને સામાન્ય સભાના ઠરાવ સાથેની દરખાસ્ત મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, કચેરી,(સાઉથ ઝોન), સુરતને સાદર રજુ કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને સોંપવાનું તેમજ ફાયર સ્ટેશન અંગેનો ખર્ચ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૯:

વિષય.: તા:૧૮/૧૦/૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, ના.સરકારશ્રીના ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા પર્ફોર્મન્સ પ્રમાણે રીફોર્મર્સની રકમ અમૃતના ખાતામાં ઉમેરવાની થાય છે. જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

કા.સ.તા.:૧૮/૧૦/૨૦૨૧ તેમજ ઇજનેરશ્રીના રીપોર્ટ મુજબ , નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળના કામો વલસાડ નગરપાલિકા ખાતે ચાલી રહ્યા છે. જેમાં અમૃત મિશન અંતર્ગત SAAP અન્વયે મંજુર થયેલ કામો તેમજ કામગીરી કરવાની બાકી હોય તેવા તમામ પ્રોજેક્ટસમાં નામદાર સરકારશ્રીની અમૃત યોજનાની ગાઈડલાઇન મુજબ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ SAAPની રકમમાંથી ૫૦% કેન્દ્ર સરકાર , ૪૦% રાજ્ય સરકાર તથા ૧૦% અર્બન લોકલ બોડીએ ફાળવવાના થાય છે. જે બાબતે નગરપાલિકાના ફાળાની રકમ ૧૪માં નાણાપંચ ગ્રાન્ટ માંથી જમા કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૦:

વિષય.: ના.સરકારશ્રીની અમૃત યોજના હેઠળ પીવાના પાણીની પાઇપ લાઇનના કામો કરતાં સદર જગ્યાએ રોડ રીસર્ફેસીંગની કામગીરી કરવાની થાય છે. જે માટેનો ખર્ચ મંજુર કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ ડ્રેનેજ સેકટરમાં ફેઝ –(૧) અબ્રામા પોલીસ હેડ ક્વાટર્સથી અબ્રામા ઝોન ઓફિસ (૨) તરિયાવાડ પંપીંગ સ્ટેશન થી ડોડિયા ટેકરા પંપીંગ સ્ટેશન સુધી રાઈઝીંગ મેઇન નાંખવાની કામગીરી મંજુર કરવામાં આવેલ છે. અને જે કામગીરી હાલે પ્રગતિ હેઠળ છે. સદરહુ કામગીરી નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મુખ્ય તેમજ આંતરિક રસ્તાઓને તોડીને સદરહુ કામગીરી કરવામાં આવેલ છે. જેથી જે તે વિસ્તારમાં નુકશાન થયેલ રોડ પર સદરહુ વિસ્તારના રહીશોને અવર-જવર કરવામાં ખુબ જ અડચણ ઊભી થાય છે. જેથી સદરહુ નુકશાન થયેલ રોડ પર રોડ રીસ્ટોરેશન કરવાની અત્યંત અને આવશ્યક હોય. સદરહુ કામગીરી કરવા માટે કા.સ.ઠ.નં.૩૫૮/તા:૦૪-૦૧-૨૦૨૦ મુજબ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.મફબ/યુ-૨/૧૪ મુ નાણાંપંચ/બીજો હપ્તો/૨૦૧૯-૨૦/૧૮૪૧૨/તા:૨૭/૧૨/૨૦૧૯ થી આવેલ ગ્રાન્ટમાંથી રોડ રીસ્ટોરેશન મંજુર થયેલ છે. સદરહુ કામગીરીનો નીચે જણાવેલ ખર્ચ ૧૪મું નાણાપંચની રકમ માંથી કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

| Sr.No | Name of Work | Unit | Amount Rs. |
|---|---|---|---|
| 1 | For Drainage Line Phase I Part I | Rs | 34,89,900.00 |

મંજુર.....

વ.કા. નં.૧૧:

વિષય.: કા.સ.ઠ.૨૯૩/તા:૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ,ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) SAAP ના વર્ષ હેઠળ વલસાડ નગરપાલિકા વોર્ડ નં-૧૦ ખાતે આવેલ તડકેશ્વર રોડથી ખંધારનગરી સુધી વરસાદી પાણીના નાળા નાંખવાની કામગીરી ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) SAAP ના વર્ષ હેઠળ કરવા તથા તે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

કા.સ.ઠ.૨૯૩/તા:૨૧/૦૨/૨૦૨૨ ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦)SAAP ના વર્ષ હેઠળ વલસાડ નગરપાલિકા વોર્ડ નં-૧૦ ખાતે આવેલ તડકેશ્વર રોડથી ખંધારનગરી સુધી વરસાદી પાણીના નાળા નાંખવાની કામગીરી ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) SAAP ના વર્ષ હેઠળ કરવા તથા તે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવા અંગેની સત્તા મે.પ્રમુખશ્રીને અને ખર્ચનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૨:

વિષય.: અબ્રામા ગાયત્રી સોસાયટી વિસ્તારમાં જનભાગીદારીથી રસ્તો બનાવવા આવેલ અરજી સદર્ભે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

નામદાર સરકારશ્રીની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી રસ્તા અને સ્ટ્રીટલાઇટના કામો માટે સહાયની યોજના હેઠળ અબ્રામા ગાયત્રી સોસાયટી વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાના કામે તા:૦૩/૦૩/૨૦૨૨ની આવેલ અરજી મુજબ સદરહુ કામે સોસાયટીના રસ્તાને પેવર બ્લોક બેસાડવાના કામનું એસ્ટીમેઈટ રૂ ।.૧૩,૧૮,૫૦૦/-થવા જાય છે. નામદાર સરકારશ્રીની જનભાગીદારી યોજના અન્વયે સદરહુ ઉપરોક્ત કામગીરી કરવા નિયમોનુસારની જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૩:

વિષય.: પ્રિમોન્સુન કામગીરી કરવા તથા તેનો ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

મ્યુનિ.ઇજનેરશ્રી તેમજ ચીફ ઈજનેરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ , સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં આવનારી ચોમાસાની સીઝનમાં વરસાદી પાણીનો ભરાવો નહી થાય તેના માટે વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખા દ્વારા દર વર્ષની જેમ પ્રિમોંસુન કામગીરી જેવી કે , વલસાડ નગરપાલિકા હદમાં આવેલ વરસાદી ગટર , કાસની સફાઈ, ચેમ્બર સાફસફાઈ તેમજ વરસાદી સિઝન દરમ્યાન ભારે થી અતિભારે વરસાદ દરમ્યાન જે તે જગ્યા ઉપર વરસાદી પાણીનો ભરાવો થતાં તાકીદે સ્થળ ઉપર પાણીનો નિકાલ કરવાની કામગીરી કરવામાં જે.સી.બી. , ક્રેઇન, હિટાચી, ટ્રેકટર, ડ્રાઈવર સહિત  તેમજ મજુર સહિતના ભાવો મંગાવી કામગીરી કરવા માટે જરૂરી આયોજન કરવામાં આવેલ. સદરહુ પ્રિમોંસુન તેમજ ચોમાસાની સિઝન દરમ્યાન ઉપરોક્ત કામગીરી કરવા માટે અંદાજે રૂા.૦૫.૦૦ લાખની મર્યાદામાં ખર્ચ થાય તે મુજબ ઉપરોક્ત કામગીરી કરાવવાનો ખર્ચ મંજુર કરવાની સત્તા    મે.પ્રમુખશ્રીને અને ખર્ચનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૪:

વિષય.: ગિરીરાજ હોટલ નેશનલ હાઇવે નંબર-૪૮ થી અબ્રામા મોગરાવાડી પ્રવેશ દ્વાર આગળ " શ્રી છત્રપતિ શીવાજી મહારાજ ના નામ નામકરણનો પ્રવેશદ્વાર " અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

ચીફ ઇજનેરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ , અરજદારશ્રી મહારાષ્ટ્ર મંડળ ,સહયોગનગર-મોગરાવાડી,વલસાડની તા:૨૭/૦૪/૨૦૨૨ની અરજીમાં જણાવ્યા મુજબ સદરહુ મંડળ તા:૦૬/૦૯/૨૦૦૮થી રજિસ્ટર્ડ થયેલ છે.તેઓશ્રી વલસાડ નેશનલ હાઇવે નંબર-૪૮ ગિરિરાજ હોટેલથી વલસાડ શહેરમાં અબ્રામા-મોગરાવાડી વિસ્તારમાં દાખલ થતાં પ્રવેશ દ્વાર આગળ " શ્રી છત્રપતિ શીવાજી મહારાજ ના નામ નામકરણનો પ્રવેશદ્વાર " સંસ્થાના સ્વખર્ચે બનાવવા માંગણી કરેલ છે. સદર પ્રવેશદ્વારની ડિઝાઇન તેમજ સ્ટ્રક્ચરલ રીપોર્ટ સાથે નગરપાલિકાની નિયત કરેલ શરતોને આધિન પ્રવેશદ્વાર બનાવવા અંગે જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૫:

વિષય.: દરેક શાખામાં કરવાની થતી કામગીરીના સને વર્ષ-૨૦૨૨-૨૩ના વાર્ષિક ભાવો અને તેના ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાના જુદી-જુદી શાખાઓમાં કરવાની થતી કામગીરીના સને વર્ષ-૨૦૨૨-૨૩ના વાર્ષિક ભાવો મંગાવા સબંધેની જાહેરાત આપી ભાવો મંગાવી તે સબંધેની કામગીરી કરવા તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ખર્ચનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૬:

વિષય.: મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી કચેરી,સુરતના પત્ર ક્રમાંક નં. પ્રાકન/તકેદારી/વલસાડ/ વશી/૨૨/ જા.નં.૪૫૧૦/ તા:૨૨/૦૪/૨૦૨૨ પત્ર વંચાણે લઈ જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી કચેરી ,સુરતના પત્ર ક્રમાંક નં. પ્રાકન/તકેદારી/વલસાડ/ વશી/૨૨/ જા.નં.૪૫૧૦/ તા:૨૨/૦૪/૨૦૨૨ પત્ર તથા મે.કમિશ્નરશ્રી , મ્યુનિ.એડ.કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. કમિ.મ્યુનિ / ત.આ./વલસાડ/ વશી/૯૭૪/ ૨૦૨૧/૨૫૩૯/તા:૦૨/૦૪/૨૦૨૨ના પત્રમાં જણાવ્યા મુજબ..

(૧) તકેદારી આયોગ પ્રકરણમાં આક્ષેપિત ઇજનેર શ્રી હિતેશભાઈ પટેલના પક્ષે અહેવાલના મુદ્દા નં-૧૭ની ક્ષતિ યુક્ત કામગીરી માટે તેઓની જવાબદારી થતી હોવાના આયોગના મંતવ્ય મુજબ તેઓના પક્ષે વહીવટી ક્ષતિઓ થયેલ હોય. જેથી તેઓની સામે શિસ્ત વિષયક નિયમો અંતર્ગત હળવી/ નાની શિક્ષાની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવેલ છે.

(૨) પત્રના મુદ્દા નં-૪માં આયોગ પ્રકરણના મુદ્દા નં-૩૩ માં જણાવ્યા મુજબ પે એન્ડ યુઝ શૌચાલય સંચાલન માટેના ટેન્ડરની મંજુરી પ્રક્રિયામાં પ્રથમ ક્રમાંકના સૌથી ઊંચા ભાવ ભરનાર એજન્સી મે.પ્રગતિ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ,વલસાડની ઓફર વાર્ષિક ભાવો (રૂા.૩,૬૨,૪૦૦/-) ને બદલે (રૂા.૩,૦૨,૨૦૦/-) ભરવા માટેની વિનંતી કરેલ હતી. જે ગ્રાહ્ય ન રાખી તેને બદલે બીજા ક્રમાંકના ભાવ ભરનાર રક્ષા ફાઉન્ડેશન, ગામ હારીજને આ કામ સોંપવામાં આવેલ. અને જેથી વહીવટી અને નાણાંકીય અનિયમિતતા આ કામમાં સંકળાયેલા સબંધિત અધિકારી/કર્મચારીઓ જવાબદાર ગણાતાં હોવાનું પત્રમાં ઉલ્લેખ કરેલ છે.

ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે જરૂરી કાર્યવાહી કરી સ્પષ્ટ અભિપ્રાય સહિત અહેવાલ તાત્કાલિક રજુ કરવાનો થાય છે. ચર્ચા વિચારણાને અંતે સેવા અને શિસ્ત વિષયક બાબત હોય , જે અંગે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમોની જોગવાઈ મુજબ મુખ્ય અધિકારીશ્રી દ્વારા જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

<u>વ.કા. નં.૧૭:</u>

વિષય.: નગરપાલિકાની જુદી-જુદી શાખાઓમાં વિવિધ કેડરની જરૂરિયાત મુજબ આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા સ્ટાફ પૂરા પાડવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

<u>ઠરાવ: -</u>

વલસાડ નગરપાલિકાના જુદી-જુદી શાખાઓમાં મંજુર થયેલ મહેકમના સ્ટાફ હાલે ૫૦% ઉપર ખાલી હોય , તેમજ પ્રિમોંસુન જેવી આવશ્યક સેવાઓ માટે શહેરી જનોને પ્રાથમિક પાયાની સુવિધાઓ પૂરી પાડવા ટેકનિકલ/નોન ટેકનિકલ, કુશળ/અર્ધકુશળ મેનપાવરની જરૂરિયાત ઉપસ્થિત થાય છે. (ઇજનેર , કોમ્પ્યુટર ઓપરેટર, ડ્રાઈવર, પ્લમ્બર, પટાવાળા, સફાઈ કામદાર, કડીયો,સુથાર, વિગેરે)તે સંજોગોને ધ્યાનમાં લઈ આઉટ સોર્સિંગ એજન્સી મારફત મેનપાવર મેળવવા સબંધે જાહેરાત આપી ભાવો મંગાવી તે સબંધેની નિયમોનુસારની કામગીરી કરવા તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ખર્ચનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૮:

વિષય.: સે.ક.ઠ.નં.૧/તા:૧૧/૦૪/૨૦૨૨ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખાના ગેરેજમાં વાહનો મુકવા માટે તેમજ વાહનો બગડે તેનું રીપેરીંગ કામ કરાવવા માટેનું નવું ગેરેજ ગ્રાઉન્ડ + એક માળ બનાવવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

સે.ક.ઠ.નં.૧/તા:૧૧/૦૪/૨૦૨૨ની ભલામણ મુજબ ,નગરપાલિકાના આરોગ્ય શાખાના ગેરેજમાં વાહનો મુકવા તેમજ વાહનો બગાડે તેનું રીપેરીંગ કામ કરાવવા માટેનું હાલના જુના ગેરેજની જગ્યા ઉપર નવું ગેરેજ બનાવવા અંગેનો DPR તૈયાર કરવા કન્સલટન્ટ રોકવા નિયમોનુસાર કાર્યવાહી કરવા અને સરકારશ્રીની આવનાર ગ્રાન્ટ હેઠળ સમાવેશ કરી કામગીરી કરાવી ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ખર્ચનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૯:

વિષય.: સે.ક.ઠ.નં.૨/તા:૧૧/૦૪/૨૦૨૨ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા હસ્તકના જુના વપરાતા ટ્રેકટરો ૨૯ પૈકી ૧૫ ટ્રેકટરો જુના થઈ ગયેલા હોય તેની જગ્યાએ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી ખરીદવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

સે.ક.ઠ.નં.૨ / તા:૧૧/૦૪/૨૦૨૨ની ભલામણ મુજબ,નગરપાલિકાના આરોગ્ય હસ્તકના જુના વપરાતા ટ્રેકટરો ૨૯ પૈકી ૧૫ ટ્રેકટરો જુના થઈ ગયેલા હોય જેનું આયુષ્ય ૧૫ થી ૨૦ વર્ષ પૂર્ણ થઈ ગયેલ હોય. જેનું સરકાર માન્ય ઓથોરાઇઝ્ડ વેલ્યુઅર પાસે વેલ્યુએશન નક્કી કરાવી જાહેર હરાજીથી નક્કી કરવા તેમજ નવા વાહનોથી ડોર ટુ ડોર ઘન કચરાના નિકાલ માટે ટ્રેલર માઉન્ટેડ ટ્રેકટર ખરીદવા અંગે સરકારશ્રીની ગ્રાન્ટ હેઠળ સમાવેશ કરી કામગીરી કરાવવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ખર્ચનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૨૦:

વિષય.: નગરપાલિકાનું સ્લોટર હાઉસ/ મટન માર્કેટ નવું બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા માલિકીના સ્લોટર હાઉસ/ મટન માર્કેટ શહિદ ચોકમાં આવેલ છે. જે ઘણું જ જર્જરિત હાલતમાં હોય, જાહેર સલામતી ખાતર તા:૩૦/૦૬/૨૦૨૦ થી જેને બંધ કરવામાં આવેલ છે. અને હાલે તેનું વીજ કનેક્શન તેમજ પાણી કનેક્શન બંધ કરવામાં આવેલ છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ,વાપી દ્વારા તા:૨૭/૦૧/૨૦૨૨ ની સદર સ્થળ વિઝિટ દરમ્યાન મળેલ સુચના અનુસાર સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ નવું અધ્યતન સ્લોટર હાઉસ/ મટન માર્કેટ બનાવવા સુચન કરેલ છે. જે બાબતે ચર્ચા વિચારણાના અંતે સદર જગ્યા ઉપર નવું સ્લોટર હાઉસ/ મટન માર્કેટ બનાવવા સબંધેના DPR બનાવવા કન્સલટન્ટ પાસે અંદાજો મેળવી સરકારશ્રીની ગ્રાન્ટ હેઠળ સમાવેશ કરી નિયમોનુસાર કામગીરી કરવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ખર્ચનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર....

સભાનું કામકાજ પૂર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌને આભાર વ્યક્ત કર્યો, સભાનું કામકાજ પૂર્ણ થતાં " રાષ્ટ્રગાનથી " સભા પૂર્ણ થઈ........

નગરપાલિકા કચેરી,<br>
વલસાડ.<br>
તા: ૦૬/૦૫/૨૦૨૨

(કિન્નરીબેન અમીષભાઇ પટેલ)<br>
પ્રમુખ<br>
વલસાડ નગરપાલિકા